# બાબા સદૈવ મારી સાથે છે

## સીતા મિશેલ શૉય દ્વારા લિખિત

૧૯૭૦ના દાયકાની મધ્યમાં, હું ન્યૂયોર્ક શહેરમાં એક અભિનેત્રી તરીકે કામ કરતી હતી. અભિનય કરતી વખતે ઘણા બધા પ્રસંગો પર મેં જોયું કે હું અસીમ પ્રેરણા અને પ્રજ્ઞાનના સ્વયંસ્ફૂર્ત સ્રોત સાથે જોડાઈ રહી છું. હું જાણવા માંગતી હતી કે રચનાત્મકતા અને સત્યના આ અસાધારણ સ્રોત સાથે ફરીવાર કેવી રીતે જોડાઈ શકાય. પરંતુ જ્યાંસુધી મારી પ્રથમ સિદ્ધયોગ શક્તિપાત ધ્યાનશિબિર દરમિયાન મને શક્તિપાત પ્રાપ્ત ન થયો ત્યાંસુધી મને એ સમજાયું નહીં કે આ સ્થાન મારો પોતાનો અંતરાત્મા જ છે અને મંત્ર દ્વારા, હું તેની સાથે વારંવાર જોડાઈ શકું છું.

જ્યારે મને ખબર પડી કે બાબા મુક્તાનંદ કેટસ્કિલ્સમાં સ્થિત એક રિસોર્ટ, ડી'વિલે હૉટેલમાં રહેવાના છે, તો મેં તરત જ ત્યાં એક મહિનો રહેવા માટે બુકિંગ કરાવી લીધું. પછીથી આ રિસોર્ટ ૧૯૭૬ના ઉનાળામાં બાબાજીનો અસ્થાયી આશ્રમ બની ગયો હતો. હું બાબાજીને વ્યક્તિગતરૂપે મળવા માંગતી હતી અને અનુભવ કરવા માંગતી હતી કે લાંબા સમય સુધી સાધનામાં લીન થવું અને એક સિદ્ધગુરુના સાન્નિધ્યમાં રહેવું કેવું હોય છે.

ડી'વિલેમાં એ મહિના દરમિયાન, સિદ્ધયોગની શિખામણો અને અભ્યાસો સાથે મારું જોડાણ વધારે ગહન થતું ગયું અને મેં જોયું કે હું બાબાજીના એ પરમ આનંદથી મંત્રમુગ્ધ થઈ ગઈ હતી જે તેમનામાંથી પ્રસરિત થઈ રહ્યો હતો, ખાસ કરીને એ આનંદથી જે તેમના હાસ્યના અવાજમાં હતો. દરેક પસાર થતા દિવસની સાથે, મેં મહસૂસ કર્યું કે જેમજેમ હું બાબાજીના પ્રેમની મીઠાશનો અનુભવ કરી રહી હતી તેમતેમ મારા હૃદયની આસપાસની દિવાલ નરમ થઈને વિલીન થઈ રહી છે. બાબાજી સાથે જેટલા વધુ સત્સંગ થતા અને તેમનાં દર્શન થતાં, તેમના સાન્નિધ્યમાં રહેવાની મારી લલક એટલી જ વધતી જતી.

બાબાજી અમેરિકાની તેમની યાત્રા પૂરી કરીને ભારત પાછા ફરે, તેના થોડા સમય પહેલાં જ થયેલી ધ્યાનશિબિર દરમિયાન મારી આ લલક વધુ તીવ્ર થઈ ગઈ. હું ધ્યાનકક્ષમાં એકદમ પાછળના ભાગમાં બેઠી હતી, મારી સામે ધ્યાન કરતાં લોકોની અનેકાનેક પંક્તિઓ હતી. બાબાજી હંમેશની જેમ શિબિરમાં શક્તિપાત દીક્ષા આપવા માટે સાધકોની વચ્ચે ચાલતાં-ચાલતાં તેમના મોરપીંછના ગુચ્છાથી સાધકોના માથા પર સ્પર્શ કરી રહ્યા હતા. હું કક્ષમાં તેમના ચાલવાનો અવાજ સાંભળી શકતી હતી. મેં આંખો ખોલી અને જોયું કે બાબાજી કક્ષમાં લોકોને શક્તિપાત આપી રહ્યા હતા. હું બાબાજીના મોરપીંછમાંથી આવતા હળવા અવાજને સાંભળવાનો આનંદ માણવા લાગી. અદ્‌ભુત કરુણાની આ અમૂલ્ય ભેટને જોઈને મારા મનમાં ઇચ્છા જાગી કે બાબાજીના સાન્નિધ્યમાં રહેવાનો આ કિંમતી સમય લંબાઈ જાય. હું વિચારવા લાગી કે હું બાબાજીને મારી સાથે કેવી રીતે રાખી શકું.

બાબાજી ઘણીવાર અમને કહેતા કે શ્રીગુરુ, મંત્ર અને મંત્રજપ કરનાર એક જ છે. એવું વિચારીને કે આ જ મારા પ્રશ્નનો ઉત્તર હોઈ શકે, મેં મારી આંખો બંધ કરી લીધી અને સ્વયંને કહ્યું કે બધું જ મારી અંદર છે, એ સમજ સાથે અંતરમાં મંત્રજપ કર. *ૐ નમઃ શિવાય! ૐ નમઃ શિવાય!* હું વારંવાર તેનો જપ કરવા લાગી.

અચાનક જ, મંત્ર મારા મનમાંથી નીકળીને મારા શરીરની અંદર ક્યાંક ઊંડે ઊતરી ગયો. મારી અંદર એક ઉત્કૃષ્ટ આનંદની લાગણી ઉદ્‌ભવી અને મેં મારી સત્તામાં બાબાજીની ઉપસ્થિતિનો અનુભવ કર્યો. જે રીતે બાબાજી ધ્યાન કક્ષમાં ફરી રહ્યા હતા, એ રીતે આ અનુભૂતિ મારી અંદર ફરવા લાગી. અચાનક મારી આંખો ખુલી ગઈ અને હું કક્ષમાં બાબાજીને શોધવા લાગી. મારા આશ્ચર્યની વચ્ચે, તેઓ કક્ષની બીજી તરફથી સીધા મારી તરફ જ જોઈ રહ્યા હતા! પ્રેમથી અભિભૂત થઈને મેં મારું માથું નમાવ્યું અને મને ખબર પડે તે પહેલાં મેં જોયું કે બાબાજી મારી પાછળ ઊભા હતા અને તેમનો હાથ મારા માથા પર હતો. મને લાગ્યું કે તેઓ મને એ વાતની પુષ્ટિ કરાવી રહ્યા હતા કે શ્રીગુરુ સાથે, આત્મા સાથે આંતરિક જોડાણની મારી ગહન અનુભૂતિ વાસ્તવિક હતી.

શ્રીગુરુ, મંત્ર અને મંત્ર જપનાર એક જ છે, આ શિખામણનો પ્રત્યક્ષ અનુભવ કરાવવા માટે હું સદૈવ બાબાજીની ઋણી રહીશ. મારી અત્યાર સુધીની લગભગ છેતાલીસ વર્ષની સાધનામાં, મેં જોયું છે કે તેનાથી કોઈ ફરક નથી પડતો કે હું ક્યાં છું અથવા શું કરી રહી છું, મંત્રજપ દ્વારા અંતર્મુખ થઈને હું મારા આત્મા સાથે જોડાઈ શકું છું જે સમસ્ત સૃષ્ટિનો રચનાત્મક સ્રોત છે, સાચા જ્ઞાનનો આધાર છે. ધન્યવાદ, બાબાજી.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.